### શામળાજી નજીક વેણપુરની સીમમાં

# ટેમ્પોમાંથી ૭.૨૯ લાખનો વિદેશી શરાબ ઝડપાયો

**ટેમ્પો સાથેના પંજાબના આરોપી શખ્સ સહિત ત્રણ વિરુદ્ધ ગુનો નોંધી શામળાજી પોલીસે તપાસ હાથ ધરી**

મોડાસા તા, ૪

અરવલ્લી જિલ્લામાં શુક્રવારની ગત રાતે ૯ કલાકે વેણપુરની સીમમાં સંતરા ભરેલ પ્લાસ્ટીક બેગોની આડમાં સંતાડેલ ટેમ્પામાંથી રૂ. ૭.૨૯ લાખનો વિદેશી શરાબ ઝડપાયો હતો. જેમાં ટેમ્પો સાથેના પંજાબના એક આરોપી શખ્સ સહિત ત્રણ વિરુદ્ધ ગુનો નોંધી શામળાજી પોલીસે પ્રોહીબિશન એકટ અન્વયે વધુ તપાસ હાથ ધરી છે.



શામળાજી પોલીસ મથકના આ.હે.કો. પ્રવિણસિંહ રમણસિંહે નોંધાવેલ ફરિયાદ મુજબ આ કામના ઝડપાયેલા આરોપી કુલદીપસિંહ ગયેલસિંગમજબી શીખ (રહે. રાર, તા. જિ. માનસા-પંજાબના કબજાનો ટેમ્પોમાં તલાશી લેતાં તેમાંથી બગડેલી હાલતમાં સંતરા ભરેલ પ્લાસ્ટિકની કોથળીઓ નંગ.૧૪૫ની આડમાં વિદેશી શરાબનો રૂ. ૭૨૯૬૦૦નો જથ્થો મળી આવ્યો હતો.

જેમાં વિદેશી દારૂ તેમજ બિયરની પેટીઓ નંગ ૧૩૯માં ૨૦૧૬ બોટલોનો સમાવેશ થાય છે. શરાબનો આ જથ્થો ઉપરાંત રૂ. ૭ લાખનો ટેમ્પો, રૂ. ૫૦૦નો મોબાઈલ મળી રૂ. ૧૪ લાખ ૩૦



હજારનો મુદ્દામાલ કબજે લેવામાં આવ્યો હતો. જે નાકાબંધી દરમિયાન ટેમ્પો રોકી તલાશી લેતા ઝડપાયો હતો.

દારૂનો આ જથ્થો પંજાબનો રહીશ આરોપી સિદ્ધુની મદદગારીથી ટેમ્પોમાં ભરવામાં આવ્યો હતો અને અન્ય એક આરોપીને સોમનાથ મુકામે પહોંચાડવાનો હતો. અન્ય બે વોન્ટેડ આરોપીને ઝડપી લેવા તજવીજ હાથ ધરીને શામળાજી પો.સ.ઈ. એન.એમ. ચૌધરીએ વધુ તપાસ હાથ ધરી છે.

# નીતિન પટેલ મહેસાણાથી જ ચુંટણી લડશે





મહેસાણા, તા.૪

મહેસાણા જિલ્લાની વિધાનસભાનો આજે દિવાળી બાદનો બી.જે.પી સ્નેહ મિલન ખાનગી પાર્ટી પ્લોટમાં કરવામાં આવ્યો હતો જેમાં નીતિન પટેલ નાયબ મુખ્ય મંત્રીએ કોગ્રેસ પર પ્રહારો કાર્ય હતા અને જે અશોક ગેહલોત આજે કોગ્રેસના પ્રભારી બનીને મત લેવા નીકળ્યા છે તે જ પ્રભારીએ નર્મદાનું પાણી આપવાની ના કરતો લેટર લખ્યાનો આક્ષેપ નીતિન પટેલ એ કાર્યો હતો. તો નીતિન પટેલ મહેસાણાથી જ ચુંટણી લડશે તેવી જાહેરાત પણ કરી હતી.

ચુંટણી નજીક આવી છે અને ભાજપ સહિત અન્ય પક્ષોએ કાર્યકર્તાની કમર કસી છે. આજે મહેસાણા વિધાનસભા બી.જે.પી સ્નેહ મિલનનું નામ આપીને આજે ભાજપ અને તેમાં પણ નાયબ મુખ્ય મંત્રીએ પ્રચારના શ્રી ગણશે કરી લીધાનું હાલમાં જાણ્યું હતું.

પાટીદારોના ગઢમાં આજે પાટીદારો ભાજપમાં જોડાયા હતા તો આપ સહિત કોગ્રેસ પણ આજે ભગવો ખેસ પહેરીને ભાજપની વિચારધારાને અપનાવી હતી. તો આજે નાયબ મુખ્ય મંત્રી નીતિન પટેલ દ્વારા કોગ્રેસના ગુજરાતના પ્રભારી પર આકરા પ્રહારો કાર્ય હતા અને કહ્યું હતું કે આ એજ કોગ્રેસ છે જેમાં નર્મદાના નીર ઉતર ગુજરાતને ન મળે તે માટે વિરોધ કરતો લેટર નરેન્દ્ર મોદી પૂર્વ મુખ્ય મંત્રી ને આપ્યો હતો અને તે આજે વિકાસની વાતમાં રોડા નાખી રહ્યું છે અને તે જનતા તેમને જવાબ માગે અને આગામી ચુંટણીમાં તે અંગે જવાબ કોગ્રેસને અચૂક મળશે તેવું જણાવીને કોગ્રેસને આડા હાથે લીધી હતી તો ભાજપમાંથી મહેસાણામાંથી જ ચુંટણી નીતિનભાઈ પટેલ મહેસાણાથી જ લડશે તેવી વાત સ્વીકારી છે.

જ્યારે બી.જે.પીના આ સ્નેહ મિલન કાર્યક્રમમાં સતેજ પરથી અન્ય લોકોએ નાયબ મુખ્ય મંત્રીને આગામી મુખ્ય મંત્રી બનવા શુભેચ્છા પણ આપી દીધી હતી.

# ભાજપનો વિજય અશ્વ અવિરત આગેકૂચ કરશે : પૂ. નૌતમ સ્વામી

**ભાજપને પૂર્ણ સમર્થન આપવા માટે સંતો અને હરિભક્તોને મંદિરના મુખ્ય કાઠોરીશ્રીની અપીલ**

નડિયાદ, તા. ૪

ભારત દેશની સંસ્કૃતિનું જતન કરવા માટે ભવ્ય મંદિરો બાંધવા જોઈએ. મંદિરોથી જ ધર્મની સાથે સુસંસ્કારનું સિંચન થાય છે. મંદિરો એ પવિત્ર યાત્રાધામ તરીકે ઓળખાય છે. ગુજરાતમાં આજે વડતાલ ખાતે પૂર્વ ચેરમેન અને સત્સંગ મહાસભાના પ્રમુખ પૂ. નૌતમપ્રકાશદાસજીએ જણાવ્યું હતું. પૂ. નૌતમસ્વામીએ વધુમાં જણાવ્યું હતું કે, હાલમાં ડાકોર, પાવાગઢ, અંબાજી, સોમનાથ વગેરે યાત્રાધામોનો અવિરત વિકાસ થઈ



આઠ યાત્રાધામોનો અવિરત વિકાસ થઈ રહ્યો છે એ ભાજપની સરકારને આભારી છે. ભાજપની સરકાર આદર્શ સંસ્કારો અને સંસ્કૃતિને વરેલી છે. ત્યારે આ સરકારનો વિજયઅશ્વ અવિરત રીતે આગેકૂચ કરે અને અડીખમ ગુજરાતના મોડેલને સર્વદેશમાં પ્રસ્થાપિત કરે તેવી જ વર્તમાન સમયની માંગ છે તેમ આજે રહ્યો છે તે જ રીતે વડતાલનો પણ યાત્રાધામોમાં સમાવેશ કરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરી હતી. સાથે સાથે આગામી વિધાનસભાની ચૂંટણીઓમાં પણ ભાજપને વિજય બનાવવા માટે સૌ હરિભક્તોને હાકલ કરાઈ હતી. તેઓએ જણાવ્યું હતું કે જ્યારે જ્યારે વડતાલ સંસ્થાનને કાયદો અને વ્યવસ્થા જાળવવાની જરૂર પડી છે ત્યારે નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહે સીધી સૂચના આપીને વડતાલની આન, બાન અને શાન જળવાઈ રહે તે માટે હંમેશા કટિબદ્ધતા દર્શાવી છે. ત્યારે આજે પણ સ્વામિનારાયણ સંપ્રદાયના તમામ હરિભક્તો વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહના સમર્થનમાં ખભેખભા મિલાવીને ઉભા રહી જાય તે પ્રમાણેના આશીર્વાદ આપ્યા હતા.

ગુજરાતના ખુણેખુણેથી પધારેલા ૧૭૦૦ જેટલા સંતોના આશીર્વાદ સાથે ધમધમી રહેલા યાત્રાધામ વડતાલના મોંફાટ વખાણ કરતાં મુખ્યમંત્રીએ આ સદાચારીઓને વંદન કર્યા હતા. વધુમાં સ્વામિનારાયણ ભગવાનના સ્વહસ્તે નિર્મિત થયેલા મંદિરમાં આજના દર્શન કરવાના પ્રસંગે સંસ્થાની જીવથી શિવ સુધીની સેવાઓ, બધામાં પરમાત્માના દર્શન તથા બધાના દુઃખે દુઃખી અને સુખે સુખી થવાની ભાવનાને મૂર્તિમંત કરતાં સંતોના કાર્યોને વખાણ્યા હતા.

# ચિલોડા માર્કેટયાર્ડમાં ડાંગરની ધૂમ ખરીદી



ચિલોડા, તા. ૪

ગાંધીનગર તાલુકાના પૂર્વ વિસ્તાર ચિલોડા પંથકમાં ચાલુ સાલે મેઘરાજાની સારી મહેર થતાં ખેડૂતોએ ખરીફ પાક તરીકે મુખ્યત્વે મગફળી, કપાસ, ડાંગર-શાકભાજીનું સારા પ્રમાણમાં વાવેતર કર્યુ હતુ. ત્યારે કપાસમાં અસહ્ય ગરમીના પ્રકોપથી પાછોતર સુકારાના રોગે ભરડો લેતા ઉપજમાં ઘટાડો થવા પામ્યો છે. કપાસના પોષણક્ષમ ભાવો મળે તેવી આશા બાંધી ખેડૂતો રાહ જોઈ રહ્યા છે. આ સાથે મગફળીનું વાવેતર ચિલોડા, મગોડી, દહેગામ, બાયડ વિસ્તારમાં થયુ હતુ. હાલમાં ખેડૂતો મગફળીનો પાક લેવામાં મશગુલ બન્યા છે. સરકાર દ્વારા મગફળીની ખરીદ કેન્દ્રો દહેગામ માણસા ૯૦૦ રૂ.ના ટેકાના ભાવે ખરીદી મોટાપાયે થઈ રહી છે. ટ્રેક્ટરો ભરી ખેડૂતો સરકારી નિયમ પ્રમાણે ૭/૧૨, ૮અ, નિયતફોર્મ સાથે ખરીદ કેન્દ્રો પર ધામા નાખી રહ્યા છે. જ્યારે ડાંગરના વેચાણ માટે ચિલોડા માર્કેટયાર્ડ ખાતે મોટી સંખ્યામાં ખેડૂતો ટ્રેક્ટરો ભરી લાભપાંચમથી કતારો લગાવી રહ્યા છે. ચિલોડા માર્કેટયાર્ડમાં માત્ર ડાંગરની ખરીદીમાં ગુજકોમાશોલ સેવા સહકારી મંડળીઓ-છાલા, ચિલોડા, જાખોરા, અડાલજ તાલુકા સહકારી સંઘ, જિલ્લા સહકારી સંઘ તથા બે થી ત્રણ ખાનગી વેપારી હરાજી દ્વારા ડાંગરની ખરીદીમાં ૨૮૦થી ૨૯૫ રૂ. સુધી ભાવો મળતાં ખેડૂતોમાં ખુશીની લહેર પ્રવર્તી હતી.

# સિદ્ધક્ષેત્ર સિદ્ધપુરમાં કાર્તિકી પૂનમનો લોકમેળો યોજાયો

**દેશભરમાંથી ઉમટેલા શ્રદ્ધાળુઓએ નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી : મૃત સ્વજનોના મોક્ષ માટે થયેલ તર્પણવિધિ : ઊંટ અને શેરડીનું બજાર ભરાયું**

ઊંઝા, તા. ૪

ભારતવર્ષના હિન્દુ તિર્થસ્થળોમાં માતૃગયા તરીકે જાણીતા સિદ્ધક્ષેત્ર સિદ્ધપુર ખાતે સરસ્વતી નદીના તટે દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે કાર્તિકી પૂનમનો ભવ્ય લોકમેળો યોજાયો હતો. કાત્યોકના હૂલામણા નામથી ઓળખાતા આ મેળામાં દેવદિવાળીના રોજ કુંવારકા યાને પવિત્ર સરસ્વતી નદીમાં સ્નાન કરવાનું વિશેષ મહાત્મ્યુ હોઈ હજ્જારો શ્રદ્ધાળુઓએ નદીમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી. દેવોના મોસાળ, સંતો, ઋષિમુનિઓ તેમજ આર્નતના અવધૂત પૂ. દેવશંકરબાપાની પવિત્ર ભૂમિ એવા માતૃતીર્થમાં સુભગ ત્રિવેણી સંગમ થાય છે. જેથી આ દિવસે નદીના જળમાં સ્નાન કરવાની પુણ્ય મળે છે તેવો હિન્દુ શાસ્ત્રોમાં ઉલ્લેખ હોવાથી મેળામાં મોટી સંખ્યામાં માનવ મહેરામણ ઉમટ્યો હતો. આ મેળામાં ગુજરાત સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી પધારેલા ભાવિકજનો, શ્રદ્ધાળુઓએ નદીમાં સ્નાન કર્યા બાદ ઘણા શ્રદ્ધાળુઓ, યાત્રિકોએ પોતાના મૃત સ્વજનોના મોક્ષ માટે બ્રાહ્મણો પાસે તર્પણવિધિ કરી હતી. અત્રેના સુપ્રસિદ્ધ બિંદુ સરોવરમાં પણ અસંખ્ય શ્રદ્ધાળુઓએ શ્રાદ્ધ પિંડ અર્પણ કર્યા હતા. આ ઉપરાંત પૂનમની રાત્રે નદીના જળમાં દિવડાઓ તરતા મુકવામાં આવ્યા હતા.

વૈદિક સંસ્કૃતિના અતિ પ્રાચિન નગરની નદીના કિનારે છેલ્લા ઘણા વર્ષોથી ભરાતા આ મેળામાં દર વર્ષે શ્રદ્ધાળુઓ અને યાત્રિકોની સંખ્યા વધતી જાય છે. શ્રદ્ધા અને ભક્તિના અનેરા વાતાવરણમાં ઉત્તર ગુજરાતમાંથી પણ મોટી સંખ્યામાં ભાવિકજનો ઉમટ્યા હતા. આ મેળામાં ઊંટ, ઘોડા અને ગધેડા જેવા જાનવરોનું બજાર ભરાય છે. જેમાં ઊંટની સૌથી વધુ લે વેચ થાય છે. જાનવરોના બજારમાં રાજસ્થાનમાંથી સારી ઓલાદના ઊંટો અત્રે વેચાણ અર્થે આવે છે. જેની ઊંચી કિંમત બોલાય છે. વધુમાં લીલી શેરડીનું પણ મોટાપાયે વેચાણ થયું હતું. ગુજરાતમાં હવે નજીકના એક બીજા સ્થળેથી માલોની હેરફેર કરવામાં ઊંટલારીનો ઉપયોગ ઘણો ઓછો થઈ ગયો છે. અને તેનું સ્થાન લોડીંગ રીક્ષાઓ, મીની ટ્રકોએ લેતાં આની ઊંટ બજાર પર અસર પડી હતી. મેળાને અનુલક્ષીને પાલનપુર તથા મહેસાણા એસ.ટી. વિભાગ દ્વારા એકસ્ટ્રા બસોનું આયોજન કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજ ખાતે શ્રીમદ્ ભાગવત કથા યોજાઈ

**હજારો ભકતોએ કથાનો લાભ લીધો : કથા પૂર્ણ પોથી યાત્રા નિકળી**





પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પૂ.શ્રી કીર્તીદાસ બાપુ દ્વારા કથાનું રસપાન કરાવવામાં આવ્યું હતું.


પ્રાંતિજ ખાતે આવેલ દશા શ્રીમાળી વણિકવાડી ખાતે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રાંતિજ સહિત આજુબાજુના લોકોએ શ્રીમદ્ ભાગવત કથાનો લાભ લીધો હતો. જયારે સાત દિવસ્ય કથામાં પૂ.શ્રી કીર્તીદાસજી બાપુ દ્વારા કથાનું રસપાન કરાવ્યું હતું. જેમા કથામાં નૃસિંહ અવતાર, વામન અવતાર, રામા અવતાર, શ્રીકૃષ્ણ અવતાર, નંદ મહોત્સવ, ગોવર્ધન પૂજા, તુલસી વિવાહ, સહિત વિવિધ મહોત્સવ યોજ્યા હતાં. તો ડીજેના તાલે કથા પૂર્ણ થતાં પોથીયાત્રા નિકળી હતી. જયારે સમગ્ર કથાનુ આયોજન તપોધન બ્રાહ્મણ સમાજના સ્વર્ગસ્થ રાવલ અંબાલાલ ડાહ્યાલાલ પરિવાર દ્વારા ડાહીબેન, બાલકૃષ્ણભાઈ, રાકેશભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## તલોદમાં નાગણેશ્વરી મંદિરે અન્નકુટ ધામધૂમથી ઉજવાયો

તલોદ, તા. ૪

તલોદમાં સુપ્રસિદ્ધ એવા યાત્રાધામ તરીકે પ્રચલિત નાગણેશ્વરી માતાજીના મંદિરે દેવદિવાળી નિમિત્તે અન્નકૂટ ભરવામાં આવ્યો હતો. મંદિરના મહંત જીભુસિંહ રાઠોડના સાનિધ્યમાં ભાવિ ભક્તોને આશીર્વાદ પાઠવી નવા વર્ષની શુભકામના સાથે મહાઆરતી, મહાપ્રસાદ સાથે સુષોભિત માતાજીના દર્શનના લાહવો આપી ધામધૂમથી માતાજીનો ૫૬ ભોગનો પ્રસાદ સાથે ભક્તિસભર અન્નકુટ ઉજવવામાં આવ્યો હતો.

મંદિરના શિષ્યોએ ખડેપગે જહેમત ઉઠાવી ભક્તોના ઘોડાપુરને પૂજા-અર્ચન અને મહાપ્રસાદીના લાહવો આપી અન્નકુટના દર્શન કરાવ્યા હતા. દર્શનાર્થ આવનાર ભક્તોને આ પ્રસંગે મહંત જીભુસિંહ રાઠોડે અન્નકુટની મહિમા ઉજાગર કરવામાં આવી હતી.



# અરવલ્લી જિલ્લામાં દેવદિવાળી પર્વે મંદિરો ભાવિકોથી ઉભરાયા

**શામળાજી, અંબાજી અને ઊંઝા ઉમિયા માતાજી તેમજ અર્બુદા માતાના મંદિરે ભાવિકોએ દર્શન કર્યા**

મોડાસા, તા. ૪

દેવદિવાળીના પાવન પર્વે અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાઓ સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં આજે અત્ર, તત્ર, સર્વત્ર દેવ-દેવી મંદિરોમાં ભાવિકોનો ભારે મહેરામણ ઉમટી પડ્યો હતો. અરવલ્લીમાં શામળાજી, યાત્રાધામ અંબાજી, ઊંઝાના સુપ્રસિદ્ધ ઉમિયા માતાજી મંદિરે તેમજ અર્બુદાધામ ખાતે અર્બુદા માતાના મંદિરે ભાવિકોએ દર્શન કરી, માતાના ચરણોમાં શીશ નમાવી ધન્યતા અનુભવી હતી.

દિવાળી પછી આજે કાર્તિક પૂનમ દેવદિવાળી તરીકે ઉજવવાની અનેરી પરંપરા મુજબ આજે દેવ દિવાળી તહેવાર લોકોએ અનેર આનંદ ઉત્સાહ સાથે ઉજવાયો હતો. આજે સવારથી જ શ્રદ્ધાળુઓ આસ્થા અને શ્રદ્ધા સાથે દેવી-દેવતાઓના મંદિરોમાં ઉમટી પડ્યા હતા. પોતાના કૂળદેવી મંદિરોએ પણ મોટો જન સમૂહ ઉમટ્યો હતો.

અરવલ્લી-સબરકાંઠામાંથી અને મોડાસા-સાકરીયા પંથકમાંથી પણ પોતાના કુળદેવી મા ઉમિયા માતાજીના સુપ્રસિદ્ધ યાત્રાધામ ઊંઝા ખાતે મોટો મહેરામણ ઉમટી પડ્યો હતો અને દર્શન અર્ચન કરી તેમજ માતાના ચરણોમાં શીશ નમાવી કૃપા યાચના કરી હતી.

જ્યારે વિસનગર નજીક અર્બુદાધામમાં અને પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી શકિત પીઠ મંદિરે પણ ભક્તોની ભીડ જામી હતી. જ્યાં પણ દૂર દૂરથી આવેલા ભાવિકોએ માતાજીના ચરણોમાં શિષ નમાવી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. અરવલ્લી જિલ્લામાં ગુજરાતના પ્રસિદ્ધ યાત્રાધામ



શામળાજીમાં કાળિયા ઠાકર શ્રી વિષ્ણુ મંદિરે પણ લોકોએ દૂર દૂરથી આવી દર્શન કરી જગદીશ્વરની કૃપા યાચના કરી હતી અને ધન્યતા અનુભવી હતી.

આજે સમગ્ર ઉત્તર ગુજરાતના લોકોએ દેવદિવાળી તહેવાર ભારે ઉમંગ ઉલ્લાસ સાથે ઉજવ્યો હતો.

# તલોદના આઈસીડીએસમાં સીડીપીઓ તરીકે રશ્મીબહેન પ્રજાપતિની નિયુક્તી



તલોદ, તા. ૪

તલોદ તાલુકા પંચાયતમાં આવેલા આઈસીડીએસ વિભાગમાં છેલ્લા કેટલાય સમયથી સીડીપીઓની જગ્યા ભરવા માંગ ઉઠી હતી. જેમાં ૧૮૫ જેટલી આંગણવાડી આવેલી છે અને ૧૮ જેટલી જગ્યા સંચાલિકાઓ અને તેડાઘરની જગ્યા ખાલી પડેલી છે. ચાર્જમાં હોવાથી કોઈપણ અધિકારી ત્રણ-ત્રણ વાર જાહેરાતો પાડવા છતાંય કોઈજ નિર્ણય લી સકાયો ન હતો. તેમજ આંગણવાડીની કાર્યભાર પણ એકજ કલાર્ક પર હોવાથી વહિવટ કથળવાની બૂમરાણ વધી ગયો હતો. જેથી જિલ્લા વિકાસ અધિકારી અને બાળ કલ્યાણ વિભાગના નિયામકશ્રીને આ જગ્યા ભરવા અનેક વાલિઓએ માંગ કરી હતી.

આ માંગને સરકાર દ્વારા ગંભીરતા દાખવતા તલોદ તાલુકા પંચાયતના આઈસીડીએસમાં ખેડબ્રહ્માના પોશીનાથી અને હડિયોલના વતની રશ્મિબેન પ્રજાપતિને સીડીપીઓ તરીકે કાયમી નિયુક્ત કરાતા વાલિઓ, આંગણવાડી કાર્યકરો તેમજ તાલુકા પંચાયત સ્ટાફગણ અને ટીડીઓ અભિનંદન પાઠવતા કાયમી નિયુક્ત બદલ શ્રી પ્રજાપતિએ સૌ કોઈને આભાર પ્રગટ કરી આંગણવાડીઓને કાર્યભાર સંભાળી વેગવંતા ધોરણે કામકાજ પ્રારંભ કરાતા આ વિસ્તારના લોકોમાં ખુશાલીનો માહોલ છવાઈ ગયો હતો તેમજ આંગણવાડીઓનો વહિવટ ધમધમવા લાગ્યો હતો.